This Question Paper contains 16 printed pages.
*(Part - A & Part - B)*

Sl.No. 0111647

**01(G)**

**(MARCH, 2019)**
**(Old Course)**

પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ **OMR** શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે.
**Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet.**

**01**

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.**
2) **પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.**
3) **કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.**
4) **પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.**
5) **પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.**

---

1) દાદા કેસરીસિંઘે આગગાડીને કોના જેવું જાનવર કહ્યું છે ?

(A) અજગર (B) હાથી

(C) બળદ (D) ભેંસ

2) 'જક્ષણી' પાઠમાં વાર્તાનાયકની પત્ની ક્યાં જઈ રહી હતી ?

(A) મુંબઈ (B) આગ્રા

(C) અમદાવાદ (D) દિલ્હી

3) આખા ગામના લોકો ગિલાને શું કહેતા હતા ?

(A) રિક્ષા (B) રૉકેટ

(C) છકડો (D) કેરિયર

4) અમૃતલાલ વેગડે કઈ કૃતિની રચના કરી છે ?

(A) છકડો

(B) જક્ષણી

(C) સોનાનાં વૃક્ષો

(D) શૂલપાણેશ્વર

5) 'સોનાનાં વૃક્ષો' કૃતિનો સાહિત્ય પ્રકાર જણાવો.

(A) નવલિકા (B) લલિતનિબંધ

(C) નિબંધ (D) પ્રવાસવર્ણન

6) મણિબાનું પાત્ર કયા પાઠમાં આવે છે ?

(A) પ્રકૃતિ કી ભાષા સમજો

(B) પૃથિવીવલ્લભ

(C) સ્ત્રી કેળવણી

(D) આક્કા

7) એ.પી.જે. અબ્દુલ કલામના વિજ્ઞાન શિક્ષકનું નામ જણાવો.

(A) લક્ષ્મણન્ શાસ્ત્રી (B) રામાનંદ શાસ્ત્રી

(C) શિવસુબ્રમણ્યા ઐયર (D) જલાલુદ્દીન

8) ચકુ ઝાડ પર ઘા કરવા જતાં મજૂરને રોકે છે કારણ કે ...

(A) ઝાડ ચકુને ખૂબ ગમે છે.

(B) એ ઝાડ નહોતું, પણ એના પપ્પા હતા.

(C) ઝાડ ચકુને છાંયડો આપે છે.

(D) ઝાડ ઈન્દિરાએ રોપ્યું હતું.

9) કાકાસાહેબ કાલેલકરને 'સવાઈ ગુજરાતી' કહીને કોણે નવાજ્યા છે ?

(A) વિનોબા ભાવે (B) ગાંધીજી

(C) સ્વામી વિવેકાનંદ (D) આક્કા

10) ટાઈમટેબલ માણસને કેવો બનાવી દે છે ?

(A) નિર્ભય (B) હોશિયાર

(C) ગુલામ (D) સ્વતંત્ર

11) નર્મદે કેળવણીને કેવી કહી છે ?

(A) કુસંગે ચડાવનારી

(B) આરામ કરાવનારી

(C) આળસું બનાવનારી

(D) દુર્ગુણોને કાઢનારી

12) કનૈયાલાલ માણેકલાલ મુનશીનું ઉપનામ જણાવો.

(A) ઘનશ્યામ (B) માય ડીયર જયુ

(C) પુનર્વસુ (D) દ્વિરેફ

13) આક્કાએ પાંજરામાંથી કોને ઉડાડી મૂક્યો ?

(A) મોરને

(B) કાગડાને

(C) પોપટને

(D) હંસને

14) આકાશમાં શેનો ભવ્ય મહોત્સવ જામ્યો હતો ?

(A) અંધકારનો

(B) પ્રકાશનો

(C) વાદળાઓનો

(D) તારાઓનો

15) દાદા, સાપ કાનથી સાંભળે ? આ વાક્ય કોણ બોલે છે ?

(A) પિનાક

(B) કોશા

(C) રાજુલ

(D) નિયતિ

16) સાચો ભક્ત જન્મોજન્મ શું માંગે છે ?

(A) મુક્તિ

(B) સંપત્તિ

(C) અવતાર

(D) ભક્તિ

17) જે વિદ્યા પ્રાપ્ત કરે છે તે શું પામે છે ?

(A) તમામ પ્રકારની સમૃદ્ધિ પામે છે.

(B) સારું ઘર પામે છે.

(C) તમામ ફાયદા પામે છે.

(D) સ્વર્ગ પામે છે.

18) કોણ બધું સુવાસિત કરે છે ?

(A) સંતો

(B) અત્તર

(C) ફૂલ

(D) ધૂપસળી

19) કુંજલડીને સૌથી વધારે શું ગમે છે ?

(A) મહેરામણ

(B) ઘરેણાં

(C) ચોમાસું

(D) પ્રિયતમ

20) મન અને લોચન ન્યાય માટે કોની પાસે ગયાં ?

(A) નંદકુંવર

(B) બુદ્ધિ

(C) ગુરુ

(D) શ્રીકૃષ્ણ

21) 'જૂનું પિયરઘર' કાવ્ય કયા છંદમાં લખાયેલું છે ?

(A) પૃથ્વી

(B) અનુષ્ટુપ

(C) ચોપાઈ

(D) મંદાક્રાન્તા

22) 'તીર્થોત્તમ' સૉનેટ કયા કાવ્યસંગ્રહમાંથી લીધું છે ?

(A) 'પરિક્રમા'માંથી (B) 'અફવા'માંથી

(C) 'સંગતિ'માંથી (D) 'ગંગોત્રી'માંથી

23) 'પ્રશ્ન' સૉનેટમાં કવિને કોણ બધિર લાગે છે ?

(A) વીજળી (B) તારા

(C) પર્વત (D) વડ

24) કવિ આકાશમાં પગલું માંડે છે ત્યારે એમને નીચે કોનો હાથ દેખાય છે ?

(A) હરિવરનો

(B) પોતાની પત્નીનો

(C) ભાઈબંધનો

(D) પિતાજીનો

25) ભક્તિ કરવાની ઈચ્છાવાળો કેવું મન રાખે છે ?

(A) અડગ (B) અભિમાની

(C) આળસું (D) ચંચળ

26) હીરાને છાણના મૂલે કોણ વેચી નાખે ?

(A) ચોર

(B) ઝવેરી

(C) મૂરખ

(D) સ્ત્રી

27) યુધિષ્ઠિરે સહદેવને કેમ ન બોલાવ્યા ?

(A) સહદેવ સૌથી નાનો હતો એટલે

(B) સહદેવ દ્રૌપદી સાથે હતો એટલે

(C) સહદેવને ખબર હતી એટલે

(D) સહદેવ બહાર ગયો હતો એટલે

28) 'તપાસીએ' ગઝલમાં કવિ કઈ બાબત તરફ આપણું ધ્યાન દોરે છે ?

(A) પ્રાકૃતિક તત્ત્વો
(B) વ્યક્તિના સ્વભાવ
(C) પરમાત્માની લીલા
(D) વાસ્તવિક જીવનની મૂળભૂત સચ્ચાઈ

29) 'ભક્તિ પદારથ' પદના સાહિત્યકારનું નામ જણાવો.

(A) મીરાંબાઈ
(B) પ્રેમાનંદ
(C) નરસિંહ મહેતા
(D) દયારામ

30) ઉમાશંકર જેઠાલાલ જોશીનું તખલ્લુસ શું છે ?

(A) સેહની
(B) વાસુકિ
(C) ઈર્શાદ
(D) કાન્ત

31) બેઠલું નાળું વટીને <u>જકાતનાકે</u> ખીલો !

રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

(A) બહુવ્રીહિ સમાસ
(B) ઉપપદ સમાસ
(C) મધ્યમપદલોપી સમાસ
(D) દ્વન્દ્વ સમાસ

32) ગંગા નદીનું પવિત્ર પાણી – શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) પીવાનું જળ (B) શુદ્ધ જળ

(C) ન્હાવાનું જળ (D) ગંગોદક

33) રાતોરાત વનપટ પડખું બદલી લે છે – વાક્યમાંનો અલંકાર જણાવો.

(A) સજીવારોપણ (B) ઉપમા

(C) રૂપક (D) ઉત્પ્રેક્ષા

34) રૂપક અલંકારનું ઉદાહરણ શોધીને લખો.

(A) હૈયું જાણે હિમાલય.

(B) આક્કા તે આક્કા.

(C) મુંજે ફરીથી ઊંચે જોયું, એક હાસ્યબાણ છોડ્યું.

(D) વિરહિણીનાં આંસુ જેવો મહુડો.

35) સતી બેભાન શય્યામાં ગંધથી જ પડી ગઈ – આ પંક્તિનો છંદ જણાવો.

(A) વસંતતિલકા (B) અનુષ્ટુપ

(C) શિખરિણી (D) હરિગીત

36) નીચેની કાવ્યપંક્તિઓમાંથી 'શિખરિણી' છંદનું ઉદાહરણ દર્શાવો.

(A) ભમો ભરતખંડમાં, સકળ ભોમ ખૂંદી વળી

(B) ઈન્દ્રપ્રસ્થજનો આજે વિચાર કરતા હતા.

(C) આ પ્રેમ સંસારી તણો તુજ તે જ જેવો છે નકી

(D) ભમ્યો યાત્રાધામો, અડસઠ જલે સ્નાન કરિયાં.

**37)** નજર ચુકાવવી - રૂઢિપ્રયોગનો અર્થ શોધો.

(A) ભૂલથાપ ખવડાવવી.

(B) આંખો બંધ કરવી.

(C) બીજે ધ્યાન આપવું.

(D) નજર બંધ કરવી.

**38)** વાડ થઈને ચીભડાં ગળે - કહેવતનો અર્થ લખો.

(A) વાડ ચીભડાંનું ભક્ષણ કરે.

(B) વાડ ઉપર ચીભડાં લાગે.

(C) રક્ષક જ ભક્ષક બને.

(D) વાડ ચોરને અટકાવે.

**39)** 'પતીજ' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

(A) વિશ્વાસ

(B) પ્રમાણ

(C) પતંગ

(D) પતન

**40)** શિષ્ટ શબ્દ શોધીને લખો.

(A) નવાણ

(B) ઘઘૂડો

(C) બકાલું

(D) આયુષ્ય

41) રેખાંકિત વિભક્તિ-પ્રત્યય કઈ વિભક્તિ દર્શાવે છે ?

હું આંખો<u>થી</u> સાંભળું છું.

(A) પંચમી

(B) ચતુર્થી

(C) તૃતીયા

(D) સપ્તમી

42) અહીં કાંઈ <u>પૈસાનાં</u> ઝાડ ! - વાક્યમાં રેખાંકિત વિભક્તિ કયો પ્રકાર દર્શાવે છે ?

(A) અપાદાનના અર્થમાં પંચમી વિભક્તિ

(B) કર્તાના અર્થમાં પ્રથમા વિભક્તિ

(C) સંબંધના અર્થમાં ષષ્ઠી વિભક્તિ

(D) કરણના અર્થમાં તૃતીયા વિભક્તિ

43) નીચેનાં વાક્યોમાંથી કયું રેખાંકિત પદ 'નિપાત' છે તે જણાવો.

(A) એની ડાળીઓ <u>માત્ર</u> જાળીઓ જેવી.

(B) એની <u>માત્ર</u> ડાળીઓ જાળીઓ જેવી.

(C) <u>માત્ર</u> ડાળીઓ જાળીઓ જેવી.

(D) એની ડાળીઓ જાળીઓ જેવી <u>માત્ર</u>.

44) નીચેના રેખાંકિત પદનો કૃદંત પ્રકાર જણાવો.

આજે ચાંદો ફાંટ <u>ભરીને</u> ચાંદની લાવશે.

(A) ભવિષ્ય કૃદંત

(B) વર્તમાન કૃદંત

(C) વિધ્યર્થ કૃદંત

(D) સંબંધક ભૂતકૃદંત

45) નીચેનામાંથી કયું વાક્ય પ્રેરક વાક્ય છે ?

(A) ઈન્દિરા વાળ ગૂંથાવે છે.

(B) દાદાજી હસી પડે છે.

(C) ચકુ ઓટલા ઉપર દફતર મૂકે છે.

(D) આક્કાએ ખાધું નથી.

46) નીચેનામાંથી કર્મણિ વાક્ય શોધીને દર્શાવો.

(A) સ્વામી સૂચન કરે છે.

(B) મહારાજે ભોજન પીરસ્યું.

(C) શિક્ષકથી વંચાય છે.

(D) પિતાએ મને બોલાવ્યો.

■ **નીચેનો ગદ્યાંશ વાંચી પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો. (પ્ર. 47 અને 48)**

નારી ઈશ્વરની દેન છે અને ઈશ્વરની દીકરી છે. ભગવાન પછી આપણે નારીના જ ઋણી છીએ – જિંદગી આપવા બદલ અને પછી જીવવાલાયક બનાવવા બદલ. તે માતાની જેમ આપણું રક્ષણ કરે છે તથા મિત્ર અને ગુરુની જેમ આપણને શુભ કાર્યો કરવા માટે પ્રેરણા આપે છે. નારીનાં ત્યાગ અને બલિદાન ભારતીય સંસ્કૃતિની મૂડી છે.

47) નારી આપણને શેની પ્રેરણા આપે છે ?

(A) ભણવાની

(B) શુભ કાર્યો કરવાની

(C) રક્ષણ કરવાની

(D) જીવન જીવવાની

**48)** ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય મૂડી કઈ છે ?

(A) નારીનાં ત્યાગ અને બલિદાન

(B) સુખ સમૃદ્ધિ

(C) ઈશ્વરની દીકરી

(D) નારીનું શોષણ

■ **નીચેનો કાવ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો. (પ્ર. 49 અને 50)**

રામમઢી રે મારી રામમઢી;
    ગંગાને કાંઠે રામમઢી,
    જમનાને કાંઠે રામમઢી,
    રે મારી રામમઢી.
કોઈ સંતન આવે, મંગલ ગાવે.
અલખધૂન રસરંગ લગાવે,
    આવે કોઈ અવધૂત ચડી. – રે મારી.

**49)** કવિની રામમઢી કઈ કઈ નદીને કાંઠે આવેલી છે ?

(A) કૃષ્ણા અને કાવેરી

(B) નર્મદા અને તાપી

(C) સરસ્વતી અને રૂપેણ

(D) ગંગા અને જમના

**50)** કવિની રામમઢીમાં સંતો આવીને શું કરે છે ?

(A) મંગલગીત ગાય છે.

(B) આરતી ઉતારે છે.

(C) પૂજા કરે છે.

(D) રાસ રમે છે.

# 01(G)

**(MARCH, 2019)**
**(Old Course)**

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 13 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુધ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે. પ્રશ્નની સૂચના સમજીને જવાબો લખવા.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

### વિભાગ - A

■ **નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો.**

1) ‘જક્ષણી’ પાઠને આધારે વીશીના મહારાજનું વર્ણન કરો. [4]

અથવા

તૈલપની સવારીનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

■ **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

2) ડૉક્ટરે દાદાજીને કોઈ મોટા ડૉક્ટરની સલાહ લેવાનું શા માટે સૂચવ્યું ? [2]

3) આક્કાના મૃત્યુની તેની મા પર શી અસર પડી ? [2]

અથવા

ગામના લોકો કલામના પિતા પાસે શા માટે જતા હતા ?

■ **નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો.**

4) 'જૂનું પિયરઘર' કાવ્યનો ભાવાર્થ જણાવો. [3]

અથવા

'મન નો ડગે' કાવ્યને આધારે સાચા હરિજન કેવા હોય છે ?

■ **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો.**

5) લોચન મનને શો ખુલાસો આપે છે ? [2]

6) સાચો ભક્ત ભક્તિ કેવી રીતે કરે છે ? [2]

અથવા

નાયિકા પોતાના પ્રિયતમ પાસે કયા કયા ઘરેણાંની માગણી કરે છે ?

## વિભાગ - B

■ **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** [5]

7) ''પ્રત્યેક નાના મોટા વિદ્યાર્થીએ લાયબ્રેરીનું વ્યસન પાડવા જેવું છે. વિદ્યાર્થી તરીકે વિદ્યાવ્યાસંગ કેળવવો હિતાવહ છે. લાયબ્રેરીની નિયમિત મુલાકાત લઈને એકાદ-બે કલાક ત્યાંના શાંત, પવિત્ર અને પ્રેરણા સભર વાતાવરણમાં ગાળવાથી તમને જે અભ્યાસ પ્રેરણા જાગે છે, તે અપાર છે. પુસ્તકો, સામયિકો, સંદર્ભગ્રંથો વગેરે જિજ્ઞાસા ખાતર વાંચો કે પછી કોઈ ગંભીર અને વિશિષ્ટ હેતુ માટે વાંચો, તેનો લાભ જરૂર મળવાનો છે. અરે, કેવળ કુતૂહલવશ થઈને પણ લાયબ્રેરીમાં ચાર મેગેઝિનોનાં પાનાં ઉથલાવશો તો ય તમને નવા વિચારો, નવી દૃષ્ટિ, વિશેષ માહિતી લાધશે, જે તમારા જ્ઞાન અને સમજમાં વધારો કરશે અને જો તમે કોઈ વિશિષ્ટ બાબતની માહિતી મેળવવા કે નિશ્ચિત મુદ્દાઓ પર અભ્યાસ કરવા ઈચ્છતા હો તો, તમારું લાયબ્રેરી-વ્યસનચુસ્ત અને અતૂટ હોવું ઘટે !''

■ **નીચે આપેલી કાવ્યપંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** [5]

8) ચહું થાવા હુંયે મધુર ખીલતું પુષ્પ નવલું;
પરંતુ ના ઈચ્છા જીવન જીવવા તાડ તરુનું.

અથવા

દીપકના બે દીકરા, કાજળ અને અજવાશ,
એક કપૂત કાળું કરે, બીજો દિપે પ્રકાશ.

## વિભાગ - C

9) 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત તમારી શાળામાં કઈ કઈ પ્રવૃત્તિઓ યોજવામાં આવી તેની વિગતો દર્શાવતો પત્ર તમારા મિત્રને લખો. (પત્રમાં તમારું નામ, સરનામું કે સહીનો ઉલ્લેખ કરવો નહિ.) [5]

10) તમારી શાળામાં યોજાયેલા રમતોત્સવ પર આશરે 100 શબ્દોમાં અહેવાલ તૈયાર કરો. [5]

## વિભાગ - D

■ **નીચેનો ગદ્યપરિચ્છેદ ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારીને લખો.** [3]

(જોડણી, અનુસ્વાર, વિરામચિહ્નો, અનુગ, નામયોગી યોગ્ય રીતે મૂકો.)

11) સાજનો કૂણો તડકો મંદિરના શીખર પરની ધજા સાથે ફરફરી રહ્યો છે એક કબૂતર હવે એક નહિ બે મંદિરના શિખર પર કોતરાયેલા ફૂલ પાંદડીઓ પાસે બેઠાં બેઠાં પાંખોના પંખાને ફેલાવી-સંકોરી રહ્યાં છે બહેનોની ભજનમંડળી આવી ગઈ છે.

■ **કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી પરિચ્છેદ ફરીથી લખો.** [4]

12) સંસ્કૃતિ પ્રકૃતિની પાછળ ભલે ના રહે, પણ એ પ્રકૃતિને ભૂલીને ચાલવા જશે તો તદ્દન અવળે રસ્તે ચડી જવા જેવું થશે.-(રૂઢિપ્રયોગ મૂકો) પ્રકૃતિએ કોઈનીય મહેરબાની પર નભવાનું આવે ત્યારે જીવનમાં ક્યાંક બધિરતા પ્રવેશી ગઈ છે એમ માનવું પડે. સંસ્કૃતિ તો હંમેશાં પ્રકૃતિની ગોદમાં જ પાંગરી છે. વૃક્ષો આની સાક્ષી પૂરશે. શાસ્ત્રો આની સાક્ષી પુરશે.(સંયોજક મૂકી વાક્ય બનાવો) હું પ્રકૃતિ ભણી પાછા વળવામાં મરણનો -(વિરોધી શબ્દ મૂકો) નવોન્મેષ(સંધિ છોડો) જોઉં છું.

13) ગમે તે એક વિષય ઉપર મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]

■ નારી તું નારાયણી

મુદ્દાઓ - પ્રસ્તાવના - અમર નારી પાત્રો - સ્ત્રીઓમાં રહેલા કેટલાક સાહજિક ગુણો - નારી નરકની ખાણ - એક માન્યતા - સ્ત્રી સુધારણા અંગે ગાંધીજી - પશ્ચિમની અસર - ઉપસંહાર.

■ હાય રે મોંઘવારી !

મુદ્દાઓ - પ્રસ્તાવના - મોંઘવારી શું છે ? - આઝાદી પૂર્વે સોંઘવારીને ભવ્ય ભૂતકાળ - આઝાદી પછી મોંઘવારી વધવાનાં કારણો - મધ્યમવર્ગના માનવી પર અસર - મોંઘવારી દૂર કરવામાં સરકારનો ફાળો - ઉપાયો - ઉપસંહાર.